THE GUJARAT GARMENT MANUFACTURERS ASSOCIATION

તા. ૨૭-૦૧-૨૦૨૦

માનનીય સભ્યશ્રીઓ,

સહર્ષ જણાવવાનું કે વર્ષ ૨૦૧૮-૧૯ના વાર્ષિક હિસાબોની મંજૂરી તથા અન્ય કાર્યક્રમોની ચર્ચા હેતુ તા.૧૮-૦૨-૨૦૨૦ ને મંગળવારના રોજ બપોરે ૪-૦૦ કલાકે જી.જી.એમ.એ ની ઓફિસ ૪થો માળ, કર્ણાવતી ગારમેન્ટ મોલ, જુની મધુરમસીનેમા ઘીકાંટા, અમદાવાદ, ખાતે એસોસીએશનના તમામ સભ્યોની એક અસાધારણ સામાન્ય સભાનું આયોજન કરવામાં આવેલ છે. જેમા સૌને સમયસર હાજર રહેવા વિનંતી.

- **આ કાર્યક્રમ માત્ર સભ્ય પોતેજ હાજર રહી શકાશે.**
- **પ્રવેશ માટે જી.જી.એમ.એ. નું આઈ.ડી. કાર્ડ જરૂરી રહેશે.**

ચાલુ વર્ષે એસોસીએશન દ્વારા વસ્ત્રઅર્પણ અભિયાન કાર્યક્રમકરવામાં આવ્યો જેમાં એસોસીએશનના સભ્યો તરફથી મોટા પાયે વસ્ત્રો એકઠા કરી જરૂરીયાત મંદ લોકોને વિતરણ કરવા કાર્યક્રમહાથ ધરવામાં આવ્યો.

ચાલુ વર્ષ એસોસીએશનના મેમ્બરોના સ્ટાફ સભ્યોના છોકરાઓ માટે ખૂબ જ સસ્તાં ભાવે નોટબુક વિતરણ કરેલ છે. જેથી બાળકોને પ્રોત્સાહન મળી રહે.

આપણા એસોસીએશનના પ્રમુખશ્રી વિજયભાઈ પુરોહિતની આગેવાની હેઠળ એસોસીએશન અને તેમની કમીટી કારોબારીની ટીમસાથે આવી અનેક વિકાસલક્ષી પ્રવૃત્તિઓની હારમાળા સાથે ધમધમતું આ એસોસીએશન પોતાના પ્રગતિના પંથ હરણફાળ ભરે તથા ગારમેન્ટ ઉદ્યોગને વેગ વંતો બનાવવામાં સદાય સહાયક બને એવી આશા રાખું છું.

માનનીય સભ્યમિત્રો ઘણાં વર્ષોથી આપનો સાથ અને સહકાર મળતો રહ્યો છે અને ભવિષ્યમાં પણ આપનો સાથ-સહકાર મળતો રહેશે એસોસીએશનના કાર્યમાં આપ વધારે અને વધારે સારી રીતે જોડાવ તેમજ આપને કોઈપણ જાતના સુચનો હોય તો હંમેશા લેખીતમાં જણાવવા આપને નમ્ર વિનંતી છે. આગામી વર્ષોમાં પણ એસોસીએશન વધારે પ્રગતિશીલ કાર્ય કરતું રહે તેના માટે હંમેશા કાર્યરત રહીશું.

ધી ગુજરાત ગારમેન્ટ મેન્યુફેક્ચરર્સ એસોસીએશન

દિલીપ બેલાણી

(માનદ્ મંત્રી)